# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૭ • તા.૧૩ મે થી ૧૯ મે ૨૦૨૩




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા

## ૨૨ વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# આત્મશક્તિ વધારવા શ્રધ્ધા અને વિશ્વાસ જરૂરી

દુ:ખ અને કષ્ટના કપરા કાળમાં હૈયામાં ધીરજ અને ક્ષમતા પણું હશે તો આ કપરી પળો સહવાલાયક બની જાય છે. આ કાળ, સમય કપરો છે. માણસ ડરી, ડરીને જીવે છે. અનેક ભય, ચિંતાઓથી ગ્રસ્ત રહી પોતાનું જીવન વ્યતિત કરે છે. માણસ ડરમાં જીવે છે. અનેક પ્રકારના ભય તેને સતાવી રહ્યાં છે. આજીવિકાનો ડર, સલામતીનો ડર, ભવિષ્યમાં કપરો કાળ આવશે એનો ડર અને સૌથી મોટો ડર મૃત્યુનો.

હૃદયમાં આત્મશક્તિ, શ્રધ્ધાબળ ન હોય અને વિશેષ તો પોતાના પર વિશ્વાસ ન હોય તો નીચેથી જમીન હટી જાય એવું થાય છે, અનુભવાય છે. દુ:ખમાં મુસીબતમાં માણસ ઈશ્વરનું સ્મરણ કરે છે. સતત પ્રભુમય રહે છે પણ સુખ આવે, તેનો સારો સમય આવે કે પાછળનું બધું ભૂલી જાય છે અને પોતાની મસ્તીમાં મય બની જાય છે. સુખ આવ્યું તે પોતાના કર્મથી, પોતાના આત્મબળથી આવ્યું એવું સમજી દુ:ખએ બીજાઓને લીધે આવ્યું પોતે વગર વાંતે એનો ભોગ બન્યો છે એવું દર્શાવે એવી માન્યતા ધરાવે છે. પોતાની ભૂલ દેખાતી નથી. પરંતુ બીજાના રાઈ જેવડા દોષો પર્વત જેવા દેખાય છે.

ત્રાજવાનું પલડું હળવું હોય છે ત્યારે ઉપર જાય છે અને ભાર થવા લાગે ત્યારે નીચે જાય છે. જેનામાં કાંઈ હતું નથી તેઓ અધ્ધર ચાલતા હોય છે. પણ જેની પાસે ખરેખર કાંઈ હોય તે નમ્ર બનીને ઝૂકી જાય છે. વૃક્ષો ફળોથી લદાઈ જાય છે ત્યારે નીચે નમે છે. જે નીચે નમતા નથી તેઓ પોતાના ભારથી, અભિમાનથી તૂટી જાય છે. જિંદગીમાં કશું તોળવાનું અને માપવાનું હોતું નથી. સરખામણી કરવાથી માત્ર દુ:ખ સિવાય કશું પ્રાપ્ત થતું નથી. દુ:ખમાં આત્મશક્તિ હોય તો દુ:ખએ આઘાત આપતો નથી, પણ એક કપરી ઘટના બની વિતી જાયછે. માટે આત્મશક્તિ સૌએ કેળવી જરૂરી છે. ધીરતા અને ક્ષમતા ધારણ કરવાથી શાંતિ અને સહન શીલતા ભર્યા ભાવ કેળવવાથી કોઈપણ ઘડીનો ભય, ડર કે અસલામતી ભયભીત કરતી નથી. કુદરતના સર્જન એના સૂર્ય, ચંદ્ર, તારા, વૃક્ષો, પહાડો, પશુ-પક્ષીઓ કોઈ એકબીજા સાથે સરખામણી કરતા નથી એટલે એ સુખી છે. માત્ર માનવી જ સરખામણી કરવાની આદતને કારણે દુ:ખી દુ:ખી છે.

પ્રભુ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને ભક્તિ શરતી હોવાને લીધે મંદિરોમાં ભીડ વધતી રહે છે. પરમાત્મા સમક્ષ બે હાથ જોડીને ઊભેલો માનવી આજ સુધી મળ્યું છે. એનો આભાર માનવા નથી જતો પણ હજુ વધુ મળે એ જ માંગવા જાય છે. જીવનમાં પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા, તે જે કરશે એ સારા માટે કરશે એવો વિશ્વાસ હશે તો કશાથી ડર લાગવાનો નથી. આત્મશક્તિના બળે ડર દૂર થઈ જાય છે. પ્રભુ પ્રીત વગરનો ખોખલો ખોબિયો બહારથી બહાદૂર હિંમતવાન હોવાનો ભલે દેખાવ કરે પણ અંદરથી ભયભીત હોય છે. ડરેલો વ્યક્તિ દુ:ખ દર્દની સામે જઈ શકતો નથી એ માટે સુખ આવે એની રાહ જુએ છે. આત્મશક્તિ ધરાવતો વ્યક્તિ સૌ સંકટ કષ્ટ સામે પડકાર કરવા અગ્ર હોય છે.

– જય જ્ઞાતિમૈયા

## બચત કરવી આજની જરૂરિયાત

સંસ્કૃતનો શ્લોક છે ઋણમ કૃત્વા ધૃતમ પીબેત એટલે કે એવું કરીને ઘી પીવું. આ ઉક્તિનો કહેવતનો ગુઢાર્થ બહુ જ ગહન છે. રોજ બરોજની આપણી જરૂરિયાત સાંકડ માંકડમાં પૂરી કરી લેવી જોઈએ. ઘરના ખર્ચ માટે કોઈને કોઈ પાસે હાથ લાંબો કરવો યોગ્ય નથી અને સ્વમાની વ્યક્તિને માથે ઘા રૂપ છે. આપણી જેટલી આવક હોય તેટલો ખર્ચ રાખવો જોઈએ. આવક કરતાં જાવક-ખર્ચ ઓછો થાય એની સભાનતા કેળવવી જોઈએ તથા થઈ શકે તો એમાંથી પણ થોડી ઘણી બચત થાય એ પ્રમાણ ભાન રાખવું જોઈએ. ભવિષ્ય માટે સજાગતા રાખવી જરૂરી છે. મોજ, મજા, આનંદ પ્રમોદને જલસા માટે કરજ કરવું એ દુર્ભાગ્ય ને નોતરૂં આપવા જેવું છે. હાથ ઉછીને લીધેલા પૈસાથી આપણે નીચે મોંઢે રહેવું પડે છે. તો વ્યાજથી લીધેલી રકમ કે મુડીનો વ્યાજ ઘડિયાળના કાંટાની જેમ આગળને આગળ વધે છે. ક્યારેક મુડીથી અધિક વ્યાજ ભરપાઈ કરી આપ્યા છતાં મુડીની રકમ ચૂકવવાનો તકાદો આપણી ઉપર લટકતી તલવારની જેમ જોખમી રીતે ઊભો હોય છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

સમજુ મા બાપ પોતાના સંતાનો નાના હોય ત્યારથી તેના અભ્યાસ અને તેની ભવિષ્યની જરૂરિયાત માટે સજાગ રહી થોડી ઘણી બચત થતી રહે એ માટે પ્રયત્નશીલ હોય છે. બચતએ કાના માત્રા વગરનો ત્રણ અક્ષરનો સાદો શબ્દ છે. પણ એ ત્રિઅક્ષરી શબ્દની ગંભીરતા અને ગહનતા સમજવી જરૂરી છે. કોઈ પણ વિચાર કર્યા વગર કર્જના ડુંગર તળે દબાવવું એ સ્વેચ્છાએ પોતાના માટે સ્વીકારેલું મોત છે.

બચપણથી બાળકો બચત કરવા તરફ વળે એ માટે માતા પિતાએ પણ ધ્યાન રાખવું જોઈએ. પિગીબેન્ક, પોકેટમની કે કોઈ ખર્ચ માટે અમુક રકમ આપી ખરીદી કરવાને બહાને બચત માટેના પાઠ ભણાવવા જોઈએ. આ ઉપરાંત મોનોપોલી જેવી રમત પણ આ બચત વ્યવહાર સમજાવવાનો યોગ્ય માર્ગ આપે છે. આપણે બાળકોને લખતાં, વાંચતા, બોલતા શીખવીએ છીએ એ જ તરેહથી મની મેનેજમેન્ટના પાઠ પણ શીખડાવવા જરૂરી છે. તેમને પૈસાનું મહત્વ અને તેના યોગ્ય ઉપયોગ વિશે સવિસ્તારથી સમજ આપવી જોઈએ. અમુક સરળ દ્રષ્ટાંત આપીને સરળતાથી સમજણ આપો. તેમને તાણ યુક્ત ન લાગે એ રીતે આર્થિક બાબતોમાં બચતની જરૂરિયાત વિષેની સમજ શીરાની જેમ ગળે ઉતારો.

કેટલાક નિષ્ણાતો અને આર્થિક કન્સલ્ટન્ટ શાળાના અભ્યાસમાં ફાઈનાન્શિયલ એજ્યુકેશન આપવાની હિમાયત કરે છે. આની શરૂઆત સામાન્ય બચતથી કરીને પછી આગળ વધવાનું સૂચવે છે. પુરૂષની તુલનાએ સ્ત્રીઓનો સ્વભાવ બચત લક્ષી હોય છે. ઘર ખર્ચના પૈસામાંથી દર મહિને જીએસટી ગૃહિણી સંભાળ ટેક્ષ છૂપી રીતે બચાવી રાખતી હોય છે. પણ જ્યારે પતિ આર્થિક સંકટમાં મૂકાય, પરિવાર કોઈ મોટા ખર્ચ માટે ફાંફાં મારતો ત્યારે ગૃહિણી પોતાની બચત મૂડી આપી આર્થિક કટોકટીને હળવી કરી દે છે. આમ પૈસો પૈસો બચાવેલ રકમ એક મોટી મુડી બની કામ આવે છે. સંતાનોને બચતની તાલીમ આપી કેળવવા જોઈએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી





શ્રી કુંથુનાથ જિનાલયની ૨૨ વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજા મહોત્સવ પ્રસંગે ૨ દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આયોજનના પ્રથમ દિવસે સંવત ૨૦૭૯ વૈશાખ વદ ૧ તા.૫-૫-૨૦૨૩ શુક્રવારે સવારે ૬ વાગે પ.પૂ.સાધ્વીજી ભગવંત સુભદ્રશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી શુભંકરાશ્રીજી મ.સા. આદિ થાણા ૩ નું વાજતે ગાજતે ભવ્ય મંગલ પ્રવેશ/ સામૈયા ઢોલ અને શરણાઈ સાથે કરવામાં આવેલ.













# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી






સવારે ૭ વાગેથી સકલ સંઘની નવકારશીના લાભાર્થી અશોક કુમાર સુરાના પરિવાર રાયપુર હતા. સવારે ૮.૩૧ વાગ્યાથી શ્રી ૧૮ અભિષેકમાં ચંદ્રદર્શન માતુશ્રી સુશીલાબેન ઝમુખભાઈ કોઠારી, સૂર્યદર્શન માતુશ્રી અંજુલાબેન કાંતિલાલ ધારશીભાઈ શાહ પરિવાર, આરતી શ્રી શાંતિલાલ સિસોદિયા પરિવાર, મંગલ દીપક માતુશ્રી અંજુલાબેન કાંતિલાલ ધારશીભાઈ શાહ પરિવાર અને શાંતિકલશ માતુશ્રી નિર્મલાબેન વીરચંદ છેડા પરિવારએ લાભ લીધેલ.

બપોરે સકલ સંઘનું સ્વામી વાત્સલ્યના સંયુક્ત લાભાર્થી શ્રી શાંતિલાલ સુરેન્દ્રકુમાર પોરવાલ પરિવાર અને માતુશ્રી







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી






નિર્મલાબેન વીરચંદ છેડા પરિવાર હતા.

સાંજે ૭ વાગે ભવ્યાતિભવ્ય ભક્તિ સંધ્યા અને અભિનંદન સમારોહના મુખ્ય અતિથિ શ્રી તરૂણ રતનશી લોડાયા (સાંયરા-ઉજ્જૈન) ટ્રસ્ટી શ્રી સમસ્ત કે.ડી.ઓ. મહાજન હતા એમનું બહુમાન શાલ, શ્રીફળ, પાઘડી અને મોમેન્ટોથી કરવામાં આવેલ તેમનું સમ્માન કરતા મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ જ્ઞાતિના ૪૫ વર્ષોની આખી ઝલક







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી











આપી.

અતિથિ વિશેષ શ્રી વિજય દામજીભાઈ સંગોઈ અધ્યક્ષ શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સમાજ-રાયપુર, શ્રી મુકેશ બાબૂલાલ ઢોલકિયા અધ્યક્ષ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ગુજરાતી સંઘ-રાયપુર, શ્રી નિલેશ સુમતિલાલ શાહ અધ્યક્ષ શ્રી સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી વણિક મંડલ-રાયપુર, શ્રી અલ્પેશ પ્રવિણચંદ દોશી અધ્યક્ષ શ્રી સૌરાષ્ટ્ર વિશા શ્રીમાળી જૈન મિત્ર મંડલ-રાયપુર સર્વે અતિથિઓનું શાલ, શ્રીફળ, મોમેન્ટોથી સન્માન કરવામાં આવેલ. આ સમસ્ત કાર્યક્રમનું સંચાલન







# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી





આપણી જ્ઞાતિની દિકરી સૌ.મોસમી પ્રતિક કામદારએ ખૂબજ સુંદર રીતે કરેલ.

મંચ પર અતિથિઓ સાથે મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્ર ગોવિંદ મોમાયા, સચિવ શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી દિનેશ શરદ મોમાયા, કોષાધ્યક્ષ શ્રી હરીશ શીવજી લોડાયા, શ્રી કુંથુનાથ મહિલા









મંડળના પ્રમુખ સૌ. કલ્પના ચેતક લોડાયા વિરાજમાન હતા. અંતમાં આભાર પ્રદર્શન શ્રી હિતેશ શરદ મોમાયા એ કરેલ.

શ્રી કુંથુનાથ જિનાલયના ધ્વજા મહોત્સવના બીજા દિવસે વૈશાખ વદ ૨ શનિવાર તા. ૬ મે ૨૦૨૩ સવારે પ.પૂ. સાધુ ભગવંત શ્રી નંદીશ્વર શ્રીજી મ.સા.નુ ભવ્ય સામૈયા અને મંગલપ્રવેશ વાજતે ગાજતે થયેલ લગભગ ૨૦ વર્ષો





# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી





પછી આપણા જિનાલયમાં ચર્તુવિધ સંઘની હાજરીમાં શ્રી સત્તરભેદી પૂજા અને ધ્વજા મહોત્સવ પહેલા સકલ સંઘની નવકારશીના લાભાર્થી માતુશ્રી મણીબાઈ જવેરચંદ છેડા પરિવાર, રાયપુર હતા. ત્યાર બાદ ધ્વજાનો વરઘોડો, શ્રી સત્તરભેદી પૂજાના લાભાર્થી શ્રી ધરમચંદજી લુંકડ પરિવાર, રાયપુર હતા. ૧૦.૩૦ વાગે ધ્વજારોહણના કાયમી લાભાર્થી માતુશ્રી નેણબાઈ કેશવજી તેજપાલ શાહ પરિવાર (શ્રી મૂળનાયક જિનમંદિર) અને શ્રી અચલગચ્છ ગુરૂમંદિરના માતુશ્રી હીરબાઈ મેઘજી











# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા ૨૨મી વર્ષગાંઠ અને ૨૩મી ધ્વજારોહણની ઉજવણી









મોમાયા હસ્તે લતાબેન મણીકાંત મેઘજી મોમાયા, વરાડીયા-હૈદ્રાબાદની ગેરહાજરીમાં શ્રી હીરજી હંસરાજ શાહ પરિવાર જખૌ-રાયપુર-ધમતરી અને શ્રી વિજયશાંતિસૂરીજી જૈનમંદિરના કાયમી લાભાર્થી શ્રીમતી સૂરજદેવી સોનરાજજી કોચર પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ એવમ સોનિયા સંઘ રાયપુર હતા. ત્યારબાદ ૧૧.૩૦ વાગેથી સકલ સંઘની સ્વામીવાત્સલ્યના લાભાર્થી કાયમી ધ્વજારોહણ કર્તા પરિવાર હતા.

આ ૨ દિવસીય સંપૂર્ણ ધ્વજા મહોત્સવ કાર્યક્રમમાં મુંબઈના પ્રસિદ્ધ વિધિકાર શ્રી રાજાભાઈ નંદુની ટીમ સાથે અને સંગીત પાર્ટીમાં સૌ.શીતલબેન વ્યાસ, રાયપુરના માર્ગદર્શનમાં થયેલ. રાયપુરની સાથે ભિલાઈ, ભાટાપારા, ધમતરીના સાથે બહારગામથી પધારેલ. નિયાણી બહેનો પધારેલ સંઘ દ્વારા બાલ આશ્રમમાં જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ.યુવા મંડળ દ્વારા ગૌશાળામાં રોટલી અને ગોળ આપી જીવદયા કાર્ય અને અનુકંપાદાન કરવામાં આવેલ. ૨ દિવસીય કાર્યક્રમમાં સંપૂર્ણ જિનાલયની વિદ્યુત સજાવટ, ફૂલ (Flower) સજાવટ મુંબઈથી ઢોલી અને શરણાઈવાલા પધારેલ. પ્રભુજીની સુંદર આંગી, રંગોલી, ગહુલી કરવામાં આવેલ. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીને ટિલડી (તિલક) માતુશ્રી સુશીલાબેન વીરચંદ વિકમશી પરિવાર અને શ્રી સુપાર્શ્વનાથજીને સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવારએ ટિલડી અર્પણ કરેલ. ચાંદીની ધ્વજા માતુશ્રી મુરબાઈ જવેરચંદ લોડાયા પરિવાર દ્વારા અર્પણ કરવામાં આવેલ.









# સિધ્ધભૂમિ પાવાગઢના શ્રી મહાકાળી માતાજી મંદિરના શિખરે પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ધજા ચડાવાઈ



શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિની પરંપરા પ્રમાણે ૧૯૮૨ થી શ્રી અચલગચ્છાધિપતિ 'શ્રીપૂજ' જિનેન્દ્ર સાગર સૂરીશ્વરજી મા. સાહેબ ના પ્રશિષ્ય તરીકે દીક્ષિત થઈને પૂ. મોતીસાગરજી મ. સા વિરાજમાન છે.

શનિવાર, તા.૨૯ એપ્રિલના આ પ્રસંગને ૪૦ વર્ષ પૂર્ણ થયા, તે નિમિત્તે તેઓ ભક્તો સાથે અચલગચ્છ અધિષ્ઠાતા શ્રી મહાકાલી માતાજી ના દર્શન કરવા પાવાગઢ મુકામે પધારેલ.



**તસવીરમાં આરતી ઉતારી રહેલ ગુજરાત રાજ્યના મુખ્ય દંડક બાળુભાઈ શુક્લ અને ધુલિયા બોર્ડિંગના પદાધિકારીઓ અને સ્ટાફ**

# સિધ્ધભૂમિ પાવાગઢના શ્રી મહાકાળી માતાજી મંદિરના શિખરે પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ધજા ચડાવાઈ





આ સાથો સાથ જ શ્રી અચલગચ્છ માટે એક અદ્વિતીય પ્રસંગ પણ રચાયો, પાવાગઢ કે જ્યાં લગભગ ૯૧૦ વર્ષ પહેલાં ગચ્છની સ્થાપના થઈ હતી તેવી સિદ્ધ ભૂમિ ઉપર સદીઓ બાદ શ્રી મહાકાળી માતાજી ના શિખર ઉપર ધજા ફરકાવા નો લાભ પણ શ્રી કેવલ નવીનભાઈ વિકમશી એ લીધેલ તથા પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મ.સા.અને અન્ય આગેવાનો સાથે ધજા ચડાવેલ.











# સિધ્ધભૂમિ પાવાગઢના શ્રી મહાકાળી માતાજી મંદિરના શિખરે પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ધજા ચડાવાઈ




તા. ૨૯ એપ્રિલના પ.પૂ યતિશ્રી સાથે પાવાગઢ યાત્રા અને સીએસટા ફાર્મ પર શ્રી મહાકાલી માતાજીની ભકિત ભાવના અને પૂજાના કાર્યોને સફળ બનાવનાર યુવાકાર્યકરો ચંદ્રેશ છેડા, ભાવેશ લોડાયા, અજય લોડાયા, નરેન્દ્ર ગોશર, યુવરાજ ખોના, ત્રષભ પનપારીયા, કેયુર લોડાયા, કેસર ધરમશી, પીતેશ લોડાયા, બાળુભાઈ શુક્લ વડોદરા શહેર રાવપુરા વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના મુખ્ય દંડક સાથે શ્રી જિનેન્દ્ર સાગરસૂરી શ્રી ક.દ. ઓશવાલ બોર્ડિંગ ધુલિયા સ્ટાફ તેમજ હોદ્દેદારોએ આરતીનો લાભ લીધેલ.







# સિધ્ધભૂમિ પાવાગઢના શ્રી મહાકાળી માતાજી મંદિરના શિખરે પૂજ્ય યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના સાંનિધ્યમાં ધજા ચડાવાઈ

સંગીતકાર હંશકુમાર મૈશેરી મુંબઇ અને અમિત શાહ વડોદરાએ શ્રી માતાજીની ભકિત ભાવનામાં ખૂબ સરસ જમાવટ કરેલ. જેને લીધે અદ્દભૂત ભક્તિભાવનો માહોલ રચાયો હતો.

ઉષાબેન ખીરેન્દ્રભાઈ લોડાયાને શ્રી પાર્શ્વનાથ દાદા ની મૂર્તિ અપર્ણ કરતા પં પૂ યતિવર્યશ્રી શ્રી મહાકાલી માતાજીનુ પૂજન કરતા પરીવારજનો

કાર્યનુ સંચાલન ચંદ્રકાંતભાઈ ખોના, શાંતિલાલ લોડાયાએ કરેલ વિસ્તૃત અહેવાલ આભાર ચંદ્રેશ છેડાએ કરેલ.

સમસ્ત મહાજનના જનરલ સેક્રેટરી નીશિથભાઈ દંડની સંપૂર્ણ હાજરી રહી હતી. તેઓ પૂજનનો અન્ય લાભ લીધો હતો.









# તિરૂપુર મધે પ્રાચી એક્સપોર્ટના સંગાથે કેન્સર તપાસણી કેમ્પ યોજાયો




દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુર નગરમાં પ્રાચી એક્સપોર્ટસ રોટરી ક્લબ તિરૂપુર અને કોવઈ મેડિકલ કોલેજ અને હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ફાઈટ એગેઈન્સ કેન્સર અંતર્ગત કેન્સર અને સર્વાઈકલ કેન્સર તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું.

પ્રારંભે SMR સતિષ હંસરાજ નાગડાએ ઉપસ્થિત સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી કદીરવેલ, રોટરી ક્લબ નોર્થ એન્ડ તિરૂમુરૂગનપૂંડીના પ્રેસિડન્ટ શ્રી રવિશંકર, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર શ્રી આનંદ રામ તથા સાયકોલોજિસ્ટ શ્રીમતી ભારતી એ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પ્રોજેક્ટ ચેરમેન શ્રી સુબ્રમણિ પ્રાસંગિક આભાર દર્શન કર્યું હતું.

પ્રાચી એક્સપોર્ટના મેનેજિંગ ડાયરેક્ટર હાર્દિક છેડા કેમ્પનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને દિવ્યાંગજનોનું સન્માન કર્યું હતું. પ્રથમ કેન્સર તપાસણી કેમ્પ ૬૦ મહિલા કર્મચારીઓએ મેમોગ્રાફી અને સર્વાઈલ કેન્સરની વિનામૂલ્ય તપાસણી કરાવી હતી.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

## પ.પૂ.સાધ્વીશ્રી દિવ્યદર્શનાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૪૬ વર્ષ પૂર્ણ કર્યા



વિક્રમ સંવત ૨૦૩૩ ના વૈશાખ વદ ૬ તિથિ દિને કચ્છ ગામ સાંધાણના પૂર્વાશ્રમના માવિત્ર માતુશ્રી ધનબાઈ ખેતશી ભાણજી ધરમશી એટલે કે પ.પૂ. સાધ્વીશ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.સા.ના ધર્મ સંસ્કારી પુત્રી સંયમ જીવનના રંગે રંગાઈ બિદડા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે માતુશ્રીના પગલે પગલે ચાલી દીક્ષા ગ્રહણ કરી અને ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી ભવ્યદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા બની સંયમ જીવન પથનું વિચરણ શરૂ કર્યું.

વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ વદ ૬ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવન કાળના ૪૬ વર્ષ ભવ્ય ધર્મ ભાવથી તપ આરાધના કરતા પૂરા કર્યા અને સફળ ૪૭ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્યારે શુભકામના સાથે એવી ભાવના ઈચ્છીએ કે સુવર્ણ વર્ષ, હીરક અમૃત વર્ષ પાર કરી શતક વર્ષના શિખરે તેઓ કુશળ મંગલ પણે બિરાજે. પૂજ્ય સાહેબને શત શત વંદના.

## પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૪૨ વર્ષ પૂર્ણ થયા



વિક્રમ સંવત ૨૦૩૭ના વૈશાખ વદ ૬ તિથિ રોજે કચ્છ ગામ સાંયરાના માવિત્ર માતુશ્રી ગુણવંતીબેન જેઠાભાઈ ખીમજી લાપસીયાના સદ્ગુણી ધર્મભાવમાં લિપ્ત દીકરી ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજીના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીના નામે થઈ સંયમ જીવનના માર્ગે પગરણ માંડ્યા.

આજકાલ કરતાં ધર્મ, ભક્તિ, તપ અને ત્યાગના ૪૨ વર્ષ જેટલો સમયકાળ વિતાવી ૪૩ વર્ષમાં સકુશલ પણે પ્રવેશ કર્યો છે. ત્યારે સર્વે ગુરૂ ભક્તોના હૈયે એ ભાવના છે કે તેમનું આગામી જીવન ધર્મ આરાધના સાથે આગળ વધી સુવર્ણ પછી શતકના શિખરે બિરાજે. આ જ મંગલકામના શુભ ભાવના સાથે વંદના.

## અચલગચ્છ માટે શોક સમાચાર : પ.પૂ.સા.શ્રી જયરેખાશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા



સંયમ જીવનના ૬૨મા વર્ષે તા.૯મે મંગળવાર સાંજે ૫ કલાકે કચ્છ માંડવીની હોસ્પિટલમાં અચલગચ્છના સૌથી વયોવૃધ્ધ સાધ્વી પ.પૂ.શ્રી જયરેખાશ્રીજી મ.સા.નું ઉ.વ.૯૬ વર્ષે શાતાપૂર્વક ધર્મ સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા છે. આ સમાચાર સમગ્ર અચલગચ્છ સંઘ માટે દુ:ખદ અને શોક જનક છે.

કચ્છ લાયજાના પાનબાઈ જેઠાભાઈ મોણશી ગાલાના પૂર્વાશ્રમના પુત્રી સેવા પૂજ્ય સાહેબએ નાના આસંબિયા ગામે અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રી.ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી હતી. ગુરૂનામ પ.પૂ.સાધ્વીશ્રી નિર્મલગુણાશ્રીજી મ.સા. જય જય નંદા જય જય ભદ્રા.

# પ્રિંજલ મેહુલ છેડાને નૃત્ય કલા ભૂષણ બાલ પુરસ્કાર એનાયત







શેગાંવ અહમદનગરના પ્રિંજલ કવિતા મેહુલ રજનીકાંત છેડાને તા.૨૯ એપ્રિલ શનિવારે સવારે ૧૦ કલાકે સુરેશ ભટ્ટ ઓડિટોરિયમ નાગપુરમાં કલ્ચરલ ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત સમારોહમાં સમગ્ર દેશમાંથી ૧૫૦ જેટલા નોમિનેશનમાંથી નૃત્ય કલા ભૂષણ બાલ પુરસ્કાર ૨૦૨૩ના વિજેતા તરીકેનો એવોર્ડ જેમાં સર્ટિફિકેટ, મેડલ અને ફોટો ફ્રેમ આપી સન્માનિત કરાયા. નાની વયે નૃત્યકળા પ્રત્યે સમર્પિત ભાવથી સર્વોચ્ચ શિખર પ્રાપ્ત કરનાર બાળ નૃત્યાંગના પ્રિંજલ છેડાને હાર્દિક અભિનંદન.








CULTURAL FOUNDATION OF INDIA

Date: 01/04/2023

Invite

"Nrutya Kalabhushan Bal Puraskar-2023"

To,

Name: **Prinjal Mehul Chheda**

STATE: Maharashtra

We are very glad to inform you that from all over India 150 nominations came for this prestigious award and out of them you are selected for the National Level **"Nrutya Kalabhushan Bal Puraskar – 2023"** Heartiest Congratulations.

To promote your work as a child artist in the field of dance, Cultural Foundation of India and Nrutya Parishad, Vidarbha Vibhag is presenting this award for honoring your outstanding performance in the field of dance. we are inviting you to receive this award on **29th April 2023, Saturday, Time:10:00 am sharp at Suresh Bhat Auditorium, Nagpur**. We are extremely delighted to present you this award.

Yours faithfully

Kunal Aanandam
(Director C.F.O.I.)

Vishal Craig: 9579001813

# શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા મુંબઈમાં ૪૧મું સ્નેહમિલન યોજાયું




કોઠારા જૈન મિત્ર મંડળ દ્વારા તાજેતરમાં મુંબઈ-માટુંગા ખાતે ૪૧મું સ્નેહમિલન તથા સામૂહિક ક્ષમાપના ઉત્સવ યોજાયો હતો. જેમાં કચ્છીઓએ કચ્છમાં રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. અધ્યક્ષસ્થાને મનીષભાઈ ભવાનજી લોડાયા અને હેમંતભાઈ માણેકજી લોડાયા, સોમચંદભાઈ વેલજી લોડાયાના અતિથિ વિશેષ પદે યોજાયેલા આ કાર્યક્રમમાં કોઠારા મહાજન અધ્યક્ષ નલીનભાઈ અજાણી, કોઠારા જૈન મિત્ર મંડળના પ્રમુખ હેમંતભાઈ અજાણી, ત્રણે સંસ્થાના ટ્રસ્ટી રાયચંદભાઈ લોડાયા, દિનેશભાઈ અજાણી, વીરચંદભાઈ ધરમશી, પ્રવીણભાઈ લોડાયા, મહિલા મંડળના પ્રમુખ કલ્પનાબેન ધરમશી પણ મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા.

સાધ્વી સુશીલ ગુણાશ્રીજીએ માંગલિક ફરમાવ્યું હતું. મીતાબેન અજાણીએ નવકારમંત્ર, શિલ્પાબેન અને દિવ્યાબેન લોડાયાએ સ્વાગતગીત રજૂ કર્યું હતું. મહાજન પ્રમુખે આ તબક્કે જિનાલય જિર્ણોદ્ધાર માટે અપીલ કરી હતી. હેમંતભાઈ લોડાયાએ જ્ઞાતિ પ્રત્યેનો ભાવ રજૂ કર્યો હતો.

સોમચંદભાઈ લોડાયાએ કચ્છમાં રહેવાની જરૂરત ઉપર ભાર મૂક્યો હતો. જયેશભાઈ જૈનને દેરાસરો, મહાજનવાડીઓ, સંસ્થાઓને ટકાવી રાખવાની જરૂરત દર્શાવી હતી. પ્રબોધ મુનવર, કલ્પાબેન મનીષભાઈ વગેરેએ વક્તવ્યો આપ્યા હતા. આ તબક્કે અતિથિગૃહ માટે પોતાનું મકાન ફાળવી બાંધકામ કરી આપનારા સ્વ. મંજુલાબેન લહેરચંદ નાગડાના અનુદાનને બિરદાવી પરિવારના મણીલાલભાઈ રાયચંદ છેડાનું બહુમાન કરાયુ હતુ. કાર્યક્રમમાં પ્રવીણભાઈ લોડાયા, ગોવિંદજી પટેલ, ભરતભાઈ જીવાણી, પીનાકીન છેડા, સંજયભાઈ અજાણી, મુકેશભાઈ મેશરી, વીરેન્દ્ર લોડાયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન દિવ્યાબેન અજાણી તથા પ્રિન્સ ધરમશીએ. જ્યારે આભારદર્શન લોડાયાએ સંભાળ્યું હતુ.

# જ્યોતિષ અને વાસ્તુ પરામર્શ અને તાલીમ માટે વેબસાઈટ લોન્ચ

આર્ટ ઓફ લિવિંગ જ્યોતિષ વાસ્તુ એકેડેમી હવે વૈદિક જ્યોતિષ શાસ્ત્રની સમજને વધુ ઊંડી બનાવવા અને જ્ઞાન પ્રવાસ દ્વારા માર્ગદર્શન આપે છે.

જ્યોતિષ શાસ્ત્ર એ માત્ર ગ્રહો અને તારાઓનો અભ્યાસ નથી. તે માનવીય સ્વભાવ અને વિચારો તથા લાગણીઓ આપણા જીવનને કેવી રીતે અસર કરે છે તેનો પણ અભ્યાસ છે.

સલાહ અને તાલીમ વિશે bit.ly/Jyotisvastuacademy ઉપર જાણો. દૈનિક આંતરદ્રષ્ટિ અને પ્રેરણા માટે ઈન્સ્ટાગ્રામ bit.ly/Jyotishig ને અનુસરો અને યુ ટ્યુબ ચેનલ bit.ly/Jyotishyt પર સબસ્ક્રાઈબ કરો.

ગ્લોબલ આર્ટ ઓફ લિવિંગ જ્યોતિષ અને વાસ્તુ વોટસએપ કોમ્યુનિટીમાં bit.ly/Jyotishwa દ્વારા જોડાઓ.

| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# યુ.એ.ઈ. કેડીઓ દ્વારા જુમેરાહમાં વાર્ષિક સ્નેહમિલન યોજાયું



યુનાઈટેડ આરબ એમિરાત એટલે કે યુ.એ.ઈ.માં ઘણા કેડીઓ જૈન વસવાટ કરે છે. આ સૌ કેડીઓ પરિવારને એક સાથે સાંકળવા વર્ષ ૨૦૧૪માં એક ગ્રુપ બનાવવામાં આવ્યું છે. હાલે દુબઈ, અબુધાબી, શારજાહ, અજમાન, ઉમ્મ અલ કવાઈનમાં ૭૫ થી વધુ કેડીઓ પરિવાર વસે છે. તેઓ વિવિધ ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિઓ જેવી કે પર્યુષણ પ્રતિક્રમણ, આયંબિલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, ગોલ્ફ જેવી રમત ગમત પ્રવૃત્તિઓ, મહિલા સશક્તિકરણ અને તેમની ગમતા વિષયો ઉપર મીટઅપ્સ, મ્યુઝિકલ કોન્સર્ટ, ગુજરાતી નાટક, ડાયરો, બિઝનેસ આઈડિયાઝ એક્સચેન્જ અને તકો વિષે સેમિનાર, મકરસંક્રાંતિ, હોળી, નવરાત્રી અને દિવાળી જેવા ભારતીય સંસ્કૃતિના તહેવારોની સાથે મળી ઉજવણી કરે છે. તે સિવાય ડે આઉટિંગ્સ, બાર્બેક્યૂ નાઈટસ અને આ ઉપરાંત અવનવી મનગમતી પ્રવૃત્તિઓ કરી નાના મોટા સૌને એક સંગાથે જોડેલા રાખે છે.

તા.૭ મે રવિવારના રોજ યુ.એ.ઈ.કેડીઓ સભ્યો એ જુમેરાહમાં વાર્ષિક સંમેલન ઉત્કૃષ્ટ આયોજન ગોઠવેલ. જેમાં સહભાગી થનારા સૌને મજા આવી. દેશ, વતનમાંથી કોઈ જ્ઞાતિજન વ્યક્તિગત કે સામુહિક રીતે વ્યવસાય માટે અથવા પ્રવાસી તરીકે દુબઈની, UAEની મુલાકાત લેતા હો તો કોઈ કામ માટે, મદદ કાજે નીચેના કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી. સંપર્ક વિગત ઈમેઈલ દ્વારા uae.kdo@gmail.com, ઈન્સ્ટ્રાગામ uae_kdo, મોબાઈલ દ્વારા સંપર્ક કુંતલ રાજન ખોના +૯૭૧૫૮૫૭૯૬૦૧૧, મહેન્દ્ર શીવજી પોલડીયા +૯૭૧૫૦૪૫૦૬૧૯૦, ચિરાગ જવેરચંદ લાલકા +૯૭૧૫૫૧૬૫૯૯૨૪

---

# શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા ધી કેરાલા સ્ટોરી હિંદી મૂવીનું ફ્રી ઓફ ચાર્જ




શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ દ્વારા પરિસરની ૧૮ વર્ષથી ઉપરની નિયાણીઓ અને બહેનો માટે ફ્રી ઓફ ચાર્જ ધી કેરાલા સ્ટોરી નામની હિંદી મૂવી વીથ પોપકોર્નનું આયોજન તા.૧૬મે મંગળવારે બપોરે ૨ થી ૫ દરમ્યાન આયોજન કરેલ છે. જે માટે ગીતાબેન લોડાયા-૮૮૫૦૯૨૭૫૬૫ પાસે માત્ર રૂ.૫૦ ભરીને નામ લખાવવા. પિક્ચર અંતે રૂ.૫૦ રિફંડ આપવામાં આવશે.

જૈન ધર્મમાં પિક્ચર જોવાનું નિષેધ છે પણ આ પિક્ચર ફક્ત જાગૃતિ આવે એ માટે જ રાખવામાં આવેલ છે. આપણી બહેનો કોઈ વિધર્મી છોકરાની ચાલમાં ન ફસાય અને એની મમ્મીને કે પરિવારમાં કોઈને પણથોડી સરખી જાણ ન થાય એ રીતે ફસાવવામાં આવે છે. તો સમાજ જાગૃતિ માટે આ પિક્ચર જરૂરથી જોવાનો લાભ લેશો.

# સાંયરામાં આદિનાથ જિનાલયની વર્ષગાંઠ ધર્મ આરાધનાથી ઊજવાઇ



અબડાસાના સાયરા ગામના આદિનાથ જિનાલયની ૧૪૫મી વર્ષગાંઠની ઉજવણી મુની ચનસાગરજ મ.સા., હિતપ્રશાશ્રીજી મ.સા., ઋજુપ્રજ્ઞાશ્રી મ.સા.ની નિશ્રામાં અને ચર્તુવિધ સંઘની ઉપસ્થિતિમાં ધાર્મિક આરાધનાઓ સાથે કરાઇ હતી.

પૂજા-ભાવના અભિષેક, ૧૮ કુમારપાળ મહારાજાની આરતી, રથયાત્રા, સતરભેદી પૂજા સાથે ધ્વજારોહણ કાર્યક્રમો ભાવિકોની ઉપસ્થિતિમાં યોજાયા હતા. ટ્રસ્ટી ભદ્રેશભાઇ પટેલ શાંતિલાલ લોડાયા, હરીશભાઇ લાડાયા ઉપસ્થિત રહ્યા હતા. શાસ્ત્રોક્તવિધિ કેવલભાઇ સાવલાએ કરાવી હતી. માતા લીલબાઇ શિવજી જીવરાજ લોડાયા જખૌ, માતા મણીબાઇ રતીલાલ દેવશી મોમાયા-સાંયા હસ્તે જયાબેનને સુરેશ શિવજી લોડાયા મુલુન્ડ પરિવાર રહ્યા હતા.

શોભાયાત્રા ગામમાં ફરી જિનાલયે પહોંચેલી જ્યાં સતરભેદી પૂજા બાદ જિનાલયનાં શ્વેત શિખરો ઉપર ધ્વજારોહણ કરવામાં આવી હતી. ભાવિકોએ વદયા અને સાધારણ ખાતામાં અનુદાન આપ્યુ હતુ. શાંતિલાલભાઇ લોડાયાએ પોતાના જન્મદિને જીવદયામાં દાન આપ્યું હતું. ભદ્રેશભાઇ પટેલે પણ સાધારણ તથા જીવદયાના ખાતામાં દાન આપ્યું હતુ.

ધ્વજારોહણ ચડાવાનો લાભ ગીતાબેન હરીશ લોડાયા હસ્તે માતા સોનબાઇ મૂલજી પટેલ પરિવારે લીધો હતો.

સાયરા ગામવાસીઓ તથા ગામની નિયાણીબેનો, મુંબઇ- દેશાવર કચ્છભરમાંથી આવ્યા હતા. પ્રબોધ મુનવર, ઉત્તમ મોમાયા, રતિલાલ ધ્રોળનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. રાજુલબેન પટેલ, બિપિનભાઇ, વિજયભાઇ, ભરતભાઇ જીવાણી, અનીલ ખોના, ધર્મેશભાઇ, પ્રકાશ લોડાયા, પદમશીભાઇ લોડાયા, હીરાચંદ મોમાયા, વિરચંદભાઇ, હિતેશભાઇ, તુષાર મોમાયા, કિરીટ લોડાયા, પરેશ લોડાયા, દલેશ ધ્રોળ તથા શ્રાવક-શ્રાવિકાઓ અને ગામવાસીઓ હાજર રહ્યા હતા.


# ભાવભીની શ્રદ્ધાંજલિ



**રમીલાબેન લોડાયા**
તા.૭ મે (ઉ.૭૨)
વરાડીયા-એટલાન્ટા



**જ્યોત્સના ડાઘા**
તા.૮ મે (ઉ.૭૧)
દલતુંગી-ડોંબિવલી



**અશ્વિન ધરમશી**
તા.૯ મે (ઉ.૬૬)
નલિયા-યવતમાળ



**ચંદનબેન મૈશેરી**
તા.૧૨ મે (ઉ.૮૩)
માંડવી-ઘાટકોપર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છના સરહદી વિસ્તાર બન્ની પચ્છમમાં શિક્ષણના અભાવ તથા સમાજમાં પ્રવર્તતી પરંપરાઓના કારણે આજે પણ દીકરીઓને પ્રાથમિક શિક્ષણ બાદ આગળના શિક્ષણ માટે ખૂબજ સંઘર્ષ કરવો પડે છે. સરકારની બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન અંતર્ગત મળતી વિવિધ સહાય સ્કોલરશિપ તેમજ પરિવારના સહયોગથી મારવાડા સમાજની સવિતાએ આ પછાત વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ મેળવનારી પ્રથમ દીકરીનું ગૌરવ પ્રાપ્ત કરતાં કચ્છ કલેક્ટર દિલીપ રાણાએ સવિતાનું ખાસ સન્માન કરી તેને બિરદાવી હતી. ધોરણ ૭નો અભ્યાસ ગામમાં કર્યા બાદ ધોરણ ૮ થી ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ કરવા ખૂબજ મુશ્કેલી વેઠી હતી. ધોરણ આઠનો અભ્યાસ કરવા માટે પ્રથમ વાર ગામની બહાર પગ મુક્યો હતો. ભુજમાં એડમિશન મેળવ્યા બાદ દીકરી જાતને એકલી ન મૂકાય. સમાજ શું કહે એ મેણા ટોણાથી બચવા તેના દાદી રોજ તેની સાથે ટિફિન લઈને આવતા જવાના ૧૬૦ કિ.મી.ની મુસાફરી કરતાં. પૌત્રી ક્લાસમાં અભ્યાસ કરતી ત્યારે દાદી આખો દિવસ પોતાનું ભરત ગૂંથણનું કામ કરતાં બાદ સાંજે શાળા છૂટ્યા પછી દાદી પૌત્રી ફરી દિનારા ગામે પરત ફરતાં. આ રીતે ત્રણ વર્ષ દરેક ઋતુમાં દાદીએ અપડાઉન કરી સાથ આપ્યો. હાલે તે બી.એડ.નો અભ્યાસ કરી રહી છે. ભવિષ્યમાં યુ.પી.એસ. સી. પાસ કરીને કલેક્ટર બનવાની મહેચ્છા ધરાવતી આ હોનહાર યુવતીને વધુ સમસ્યા ન થાય એ માટે સમગ્ર પરિવાર ભુજ આવી વસવાટ કર્યો છે.

● આ વર્ષના કેન્દ્રીય બજેટમાં ભુજ નલિયા વાયોર સુધી લાઈન પાથરવા રૂ.૩૫૦ કરોડ, વિરમગામ સામખિયાળી ડબલિંગ ટ્રેક પાથરવા ૨૦ કરોડની ફાળવણી કરાઈ છે. એ વન અને એ કક્ષાના રેલ્વે સ્ટેશનોની સુધારણામાં ભુજ, ગાંધીધામ, ભચાઉ સામખિયાળીનો સમાવેશ કરાયો છે અને રિડેવલપમેન્ટ અંતર્ગત પ્રવાસીઓની સુવિધા-સગવડમાં વધારો કરાશે.

● સમગ્ર દેશના બાળ લેખકોને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે કોલકતા સ્થિત પ્રભા ખેતાન ફાઉન્ડેશન અને એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા રાજધાની દિલ્હીમાં મુસ્કાન લિટરેચર ફેસ્ટિવલ અંતર્ગત બાળકો માટે ભારતના પ્રથમ સાહિત્ય ઉત્સવનું આયોજન કરાયું. જે માટે ૧૫૦ થી વધુ બાળકોએ પોતાની કૃતિઓ મોકલાવી હતી. જેમાં કચ્છમાંથી એકમાત્ર ધર્મન શેઠની કૃતિ પસંદગી પામી હતી. ધર્મનના માતા જય રેખા શેઠ અદાણી સ્કૂલમાં શિક્ષક છે જ્યારે તેના પિતા વિકાસ શેઠ સિવિલ એન્જિનિયર છે.

● તાજેતરમાં ધોરલોના સફેદ રણમાં આયોજિત જી ૨૦ સમિટની બેઠકમાં આવેલા મહેમાનોને સત્કારવા કાચના ટુકડાઓ પર બનાવાયેલું વસુધૈવ કુટુમ્બકના અંકિત સૂત્રે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. રાજ્યના મુખ્યમંત્રીના હસ્તે ગુજરાત ટૂરિઝમ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટરને રેકોર્ડ સ્થાપિત કર્યા અંગેનું સતાવાર પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. અમદાવાદ, રાજકોટ અને સુરતના કારીગરોએ બેથી અઢી હજાર કાચના ટુકડાઓ જોડી એક પૃથ્વી, એક પરિવાર અને એક ભવિષ્યની પરિકલ્પનાને સાકાર કરી હતી.

● અંજાર તાલુકાના નાનકડા નામ ભાદ્રોઈના પાપીબેન લક્ષ્મણભાઈ રબારી પોતાની જાત મહેનત અને કલા કૌશલના બળે પાપીબેન.કોમ નામની બ્રાન્ડ બનાવી છે. તેમણે ભરતકલા ક્ષેત્રે હરી જરી કળાની નવીન શરૂઆત કરીને બેગ બનાવી જે પાપીબેનના નામે વિશ્વમાં પ્રસિદ્ધ થઈ. તેમની કલા કારીગરીની બ્રાન્ડ તરીકે જગતભરમાં નામના મેળવી મૂકી છે. સોની ટીવી દ્વારા પ્રસારિત સ્ટાર્ટઅપ શો શાર્ક ટેન્ક ઈન્ડિયામાં તેઓ પહોંચી અદકેરી છલાંગ લગાવી હતી. શાર્કટેન્કમાં બિઝનેસ બ્રેક ગ્રાઉન્ડવાળા વ્યક્તિઓ અને કંપનીઓ આવે છે. પરંતુ પ્રથમવાર કારીગરના નામની બ્રાન્ડને પ્રેઝન્ટ કરવામાં આવી જેનાથી જજ ખૂબ પ્રભાવિત થયાં હતા. પાપીબેનને ૨૦૧૬માં જાનકીદેવી બજાજ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં 30 થી વધુ એવોર્ડ તેઓને મળ્યાં છે.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)